ગુજરાત સમાચાર અમદાવાદ
તા. ૧૬-૮-૯૩ સોમવાર, પાન નં: ૬

## રિઝર્વ બેન્કે ૧૨ ઓગસ્ટે પરિપત્ર કર્યો

# બેન્કો પરચૂરણ વિતરણ માટે વેન્ડિંગ મશીન લગાવે

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,રવિવાર

દરેક વ્યક્તિને પરચૂરણ મળી રહે તે માટે એટીએમ જેવા જ કોઈન વેન્ડિંગ મશીન લગાવીને જનતાના પરચૂરણ ઉપલબ્ધ કરાવવાન સૂચના ૧૨મી જૂનના પરિપત્રના માધ્યમથી રિઝર્વ બૅન્કે તમામ બૅન્કોને સૂચના આપી છે. આ વેન્ડિંગ મશીનમાંથી ચલણી નોટ્સના છૂટા અને નોટના પૅકેટ્સ મળી રહે તે માટેના મશીન લગાડવા માટે શહેરી વિસ્તારમાં કરવા પડનારા ખર્ચની ૫૦ ટકા રકમ ને ગ્રામીણ વિસ્તારમાં કરવા પડનારા ખર્ચની ૭૫ ટકા રકમ ઈન્સેન્ટિવ તરીકે બૅન્કોને આપવામાં આવશે.

## ગ્રામીણ વિસ્તારની પરચૂરણ માટેની અને ચલણી નોટ્સ માટેની જરૂરિયાત ઘટાડી આપવાની સૂચના

રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાએ તમામ રાષ્ટ્રીયકૃ, ખાનગી અને સહકારી બૅન્કોને પરચૂરણના વિતરણની વ્યવસ્થાને વધુ સંગીન બનાવવા માટે પગલાં લેવાની સૂચના આપી દીધી છે. ચલણી નોટ્સ અને સિક્કાઓના વિતરણ માટેની વ્યવસ્થાને વધુ જડબેસલાક બનાવવાની બૅન્કોને પ્રોત્સાહન આપવાની જાહેરાત રિઝર્વ બૅન્કે કરી છે. આમ આદમીને આસાનીથી પરચૂરણ મળી રહે તે હેતુથી વિતરણ વ્યવસ્થાને વધુ વ્યાપક ફલક પર લઈ જવાની સૂચના આપવામાં આવી છે. નવી વ્યવસ્થાને વહેલામાં વહેલી અમલી બનાવવાની સૂચના અપાઈ છે.

દરેક બૅન્કોને પોતાની શાખાઓમાં આ વ્યવસ્થા ઊભી કરી દેવાની જાણ કરતા બારમી ઓગસ્ટના રિઝર્વ બૅન્કના પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે બૅન્કના કાઉન્ટર પર રૂા. ૫૦ સુધીના મૂલ્યની ઘસાઈ ગયેલી કે ફાટી ગયેલી નોટનું બંડલ લેવા માટે પૅકેટ દીઠ રૂા. ૨નો ચાર્જ લેવા દેવામાં આવશે. જુની, ઘસાયેલી નોટ્સ પરત કરવા માટે કરન્સી ચેસ્ટમાંથી ઉપાડવામાં આવતી ચોખ્ખી રકમને આધારે બૅન્કોનો પ્રોત્સાહન પણ આપવામાં આવશે.

જરૂરિયાત મંદ લોકોને નાની નાની રકમમાં ચલણી સિક્કાઓનું વિતરણ કરવામાં આવે તે માટે બૅન્કોએ વિશિષ્ટ સિસ્ટમ વિકસાવવાની રહેશે. મોટી રકમનું પરચૂરણ એકાદ બે પાર્ટીને આપી દેવાની બાબતને રિઝર્વ બૅન્ક સપોર્ટ કરશે નહિ. કરન્સી ચેસ્ટની ઓચિંતિ મુલાકાત લઈને પરચૂરણના વિતરણની કામગીરીની ચકાસણી રિઝર્વ બૅન્કની પ્રાદેશિક કચેરીએ કરવાની રહેશે. અત્યારે પરચૂરણનું શહેરી વિસ્તારમાં વિતરણ કરવા માટે બૅન્કોએ કરવા પડતા ખર્ચની ૫૦ ટકા રકમ અને ગ્રામીણ વિસ્તારમાં પરચૂરણનું વિતરણ કરવા માટે કરવા પડતા ખર્ચની ૭૫ ટકા રકમ આપવામાં આવી રહી છે.

બૅગદીઠ રેવન્યુ ખર્ચના રૂા. ૨૫ રિઈમ્બર્સ કરી આપવામાં આવશે. કરન્સી ચેસ્ટ રાખતી અર્બન બૅન્કો અને સહારી બૅન્કોને પણ આ જોગવાઈ લાગુ પડશે.

ગુજરાત સમાચાર, તા. ૧૬-૮-૯૩, અમદાવાદ